[illegible]

છપાવી પ્રસીદ્ધ કરનાર.

જેશીંગભાઈ મોતીલાલ શાહ.

રીચીરોડ-અમદાવાદ.

અમદાવાદમાં

શ્રી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. અમરતલાલ જેશીંગભાઈએ છાપ્યું.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

કીંમત આઠ આના.

ફુલનો હાર.

સુરદાસ.

દાસપરે દયા લાવો રે, દયાળુ દેવા દાસપરે દયા લાવો,
સંસારી સંબંધ તોડી, જીવ આપ ચરણે જોડી;
હું તો બની બેઠો બાવો બાવો રે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.
આંખ વીનાનું સંકટ આવું, ખાડા માંહી ગોથા ખાવું;
મારે અવીનાશી આવો આવો રે, દયાળુ દેવા દાસપરે દયા લાવો

૨ સુરદાસ.

આંખ વીના અંધારૂં રે, સદાય મારે આંખ વીના અંધારૂં.
કોઇ કહેશે લાલ લીલું આ ધોળુંને આ પીળું:
મારે મન સઘળું ખારૂં ખારૂં રે, સદાય મારે આંખ વીનાનું અંધારૂં.
કોઇને જગ લાગે ખારૂં, કોઇને લાગે નઠારૂં,
મારે મન જીવતર ખારૂં ખારૂં રે, સદાય મારે આંખ વીનાનું અંધારૂં.

૩ નરસીંહ મેહેતો.

વહાલા વેગે આવો રે, દયા દીલ લાવો રે, બીડું મારી ભાગવા હોજી.
નહિ આવો તો છાના ઉઘાડું, હું છીદ્ર વહાલા;
ઘેરઘરમાં ઉછરી, ગોવાળીઆમાં વાસ.
ખાંધે કાળી કામળી, માગી માગી ખાઓ છાશ;
હું રાખું તમથી દાવો રે, બીડું મારી ભાગવા હોજી.
બેમાના બે બાપના, નકટા નીર્લજ બાળ;
મહિમાખણુના ચોરણ, કંસ તણા હે કાળ.
લાંડ તજો રાધા તણી, દુરીજન આપે ગાલ;
ધીરા વેગે ધાવો રે, બીડું મારી ભાગવા હોજી.

૪

સમજ સત્કાર્મ કરીલો ભાઇ, કાયા આકાશ જશે કરમાઇ;
રામ ગયા રાવણ ગયોને, ગયા કૃષ્ણ ગયો કંસ.
બળવીર પણ બળહીણ બન્યા, જ્યાં કઠણ કાળનો ડંસ સમજ;

સ્વારથ તણો સંસાર મુઢ સું. માયામાં રહ્યો મોહી;
કાળ ઝપાટ જપટશે ત્યારે, રહીશુ રાંકડા રોઇ. સમજ.
માત તાતને ભ્રાત ભગીની, કોઇ [illegible] સાથે જાય;
પાપ પુન્યએ પ્રભુ દરબારે, ત્રાજવા માંહી તોળાય. સમજ.

૫ પવિત્ર લીલાવતી.

કરી વેશ્યાની યારી ઉભા અટારી, ભાભી અમારી પેલા તમારા પ્રાણ;
જાવે થાઓ મેયારી, ભાભી અમારી પેલા તમારા પ્રાણ,
વીંછીનો આંકડો વેસ્યા છે વસમી, જો જો ન થાએ જાણ.
જાણશે તો ઝેર ઓગળશે જાગુ, કરશે રાંડ રોકાણ,
જુએ જબકી ઝાંગી, હાથમાં ધારી, બેઠા અટારી. પેલા તમારા પ્રાણ.

૬ વીણાવેલી.

ઘટઘટમાં તીરથ રહ્યો, ઘટમાં આતમારામ,
પ્રેમી મન તીરથ વસો, પ્રીતમ સારીંમરામ.
હાઝ્યો ભુડા દુધથી, છોડે છે શીદ છાશ;
સાહસ કરતાં પ્રાણીઆ, સુખનું સત્યાનાશ.

૭ હરિશ્ચંદ્ર.

ઇંદ્ર સાંત થાઓ સાંત થાઓ, તમે રૂષી રાય.
કરો નહિ કલેશ કાંઇ, પોતાના રે કાય,
ધીરા થઇને સાંભળો, મારી એક વાત;
સરત કરો બંને જણા અને એક સાક્ષાત,
હારે બંને જણમાં કોઇ, આપે તપ ફળ.
ખાલી કલેશ શાને કરો, થઇને આપ વીકળ,
વી કબુલ કબુલ કબુલ સર્વ, છે અમારો રાય;
હારે રાજ એમાં કોનું. તપ ફળ જાય

૮ સુરદાસ.

કે તે ગયે જખમાર ભજન વીના કે તે જખમાર;
પ્રભાતે ઉઠી નાવત ધોવત, પાલત હે આચાર. ભજન.
દયા ધરમકો નામ ન જાણ્યો, એસો પ્રેત ચંડાળ. ભજન.

૯ સુરદાસ.

ક્યું નીંદ ભરસોયા મુસાફર, ક્યું નીંદ ભરસોયા;
મનસા દેહી દેવતાકુ દુર્લભ, જન્મ અકારત ખોયા.
ધનદાસ જોબન સુત તેરો, વામે મન તેરા મોહ્યા. મુસાફર.
સુરદાસ પ્રભુ ચલેઘ પેપકુ, પીછે નેનું ભરસયો. મુસાફર.

૧૦ સુરદાસ.

સાચો કળજુગ આયો, અબતો અબતો સાચો કળજુગ આયો.
પુત્ર પીતાકા કહયો ન માન્યો, કરે અપને મન ભાયે, અબતો.
સ્ત્રી પતિવ્રતા ધરમ પાળ્યો, નીરખત પુરૂષ પરાયે, અબતો.
સન્યાસી ધન સાંચવી લાગ્યા, હરી સ્મરણુ વીસારયો. અબતો.
રાજા કપટી રૈયત દુખ પાવો, બ્રાહ્મણુ બાહોત ભટકાયો. અબતો.
વાસુ સરખા એજ હોત હે, સબ જુગ પાપએ છુટયો. અબતો.
ખોજ બીંદ્રાવન મથુરા નગરી, કાનડો નીર સુકાયો. અબતો.
સુરદાસ પ્રભુ હરી, ભજન વીના મોહક્કુ દાપ છવાયો. અબતો.

૧૧ જુગલ જુગારી.

અમો અબળાને માયા વ્હાલીર વ્હાલીરે વ્હાલી,
પ્રીતી વહાલી રે અમોને વસ્ત્ર કરાવો ઘરેણા ઘડાવો
મોતીડે મડોતો મન ખાલીરે ખાલીરે ખાલી મન ખાલીરે—
નેહની નજરે નાથજી મારી નારી બને ઘેલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે—અમો.

૧૨ જુગલ જુગારી.

વહાલમજી સાડી ગુલાબી મંગાવો,
પોલકા બનાવો મોતીડાં ટંકાવો.
બંગડી એ હીરાની, મોંઘી મઢાવો.—વહાલમજી.

સાખી.

સુરતમાંજ જણાય છે, ધુતારાના ઢંગ;
જેવો વાને પુરુષો, તેવો ચઢશે રંગ.
નારીના હુલાસમાં રસીલી તારી રીસાઇ એ—વહાલમજી.

૧૩ કરણઘેલો.

ચાહે તું ધિકાર માર પ્યારમાં બોલાવીને,
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં ડોલાવીને—ચાહે.
ચુક પડી ક્ષમા કર કોકિલા હવે,
શાંતિ તું પમાડ વિરહ અગ્નિને ઓલાવીને—ચાહે.
તારા સમાન નથી વહાલી બીજી મને,
માન મુક માનીતી મન મદને ઓલાવીને—ચાહે.

૧૪ કલાવતી.

સ્વામી મળવાની લાલ, ચહાય આ પ્રાણુરે. સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણુ સ્વયંવરસાણુ.

તારે હાથ પ્રાણ, લેજને મારા પ્રાણ.
પ્રાણ પ્રાણ પ્રાણ સ્વામી.
હવે ચાલો, બહુ ગાલો, વખત હાલો, જરી બાલો
કોક પકડે, બાજી બગડે, થશે હાણ સહુ ટાલો. સ્વામી.

૬૫ ખુને નાહક.

મોહનીયા પ્યારી સનમસે મીલાવો
ને ચાહો જો માગો વોહી મોસે પાવો
એહ મુંહ કાલા ઔર મસાલા જાકે ખુશકા ખાવો
મયજલા હું પરકમે તુમ ઔર ન આગ લગાવો
જનમ એહ ગુન ગાતુ બીનતી સદા મગ કરૂં

૬૬ દેખકે જરંત મોરા જીયરૂ.

નાલો નામ ઉસ ગુલકા ટહલો જાવો
મત માંહ ચાંદકો ગહન લગાવોજી
બનકે ખકતી યું નહી ફલકપે ખાક ઉડાવોજી.
મેરી કસમ તુમ નાહી સુખન યેહ સુનાવો.

૬૭ મુળરાજ સોલંકી.

સનનંન સોહે સાવરીયા શામ
પ્યારે પ્યારે નયનામે વારી વારી જાઉં. સનનન.
એક તો હાલે પાયા મુખડેપે આગલ, દુજે દીખાવે ઉંગલીઆરામ
તીજ ભરે મોરી છતીયાપે, સુટકી કયા જાદુ ડાલે ગુજરીયા શામ
તાકજ બાગે મોરા જીયા લુભાવં નયનોકી પ્યારી મતમસા નામ
જાઓ હોજી ન બઇયાં મરોરે છોડો હમારી કલઇયા, શામ

૧૮ સુંદરવેણી.

જોબનના રંગમાં ઝુલે.
રમશો ના જોકશ મન મોહનની સંગ—રંગમાં.
છણકો કરતી છલબલી ઠપકો દે થઉ દંગ.
તુજ શમનાના શરમ મુકીએજે જો મચાવીશ જંગ—રંગમાં
મદન રંગથી પ્રફુલિત થાશે ચપાએલ આતંગ
મહાલશું ચાલશું પ્રીતમ પ્રીત પણ નહિ આવે ઢંગ રંગમાં.

૧૯ રાજબીજ.

ગણે જુદાઇ માણુ જની શીદ અણજાણ
મળી આનંદ લહાણુ ચાલ ચમન ઉડાણ.
તું છે છબીલી નાર, થાર, હું રંગીલો બર

બન્યું નેહું નીરખાર મણી કુંદન જડાવ
હાંક માથાની વેણ, કાળી નાગનણી ફેણ,
પ્યારી અણી આલાનેણ, જરા ધીરે નચાવ
વાગ્યો કલેજે કારી ઘાવ, દુખ દેણુ ભારી.
જરા થા દયાળુ પ્યારી, મને મરતો બચાવ
જોયું જ્યારથી આ મુખ, કામ આપે બહુ દુખ,
ગયો ચોરી મારૂં સુખ, પ્રિયે પાછુ અપાવ.

૨૦ સતી અનુસયા.

હાંહાંરે સંતો સંત સમાગમ મોટો, હાંહાં.
જેનો ત્રિભુવનમાં નહીં જોટો—જોટોરે—સંતો.
કરો હરિભજન બ્યાપાર (૨)
જેમાં કદી ન આવે તોટો—તોટોરે—સંતો.
જગમાં જાયુ તે જવાનું (૨)
કરતાં ખાળ ખોરભો ખોટો—ખોટોરે—સંતો,
ધરવું ધ્યાન હરિનું સાચુ (૨)
એ વીણુ સઘળો ગરબડ ગોટો—ગોટોરે—સંતો.

૨૧ મદનવસંત.

કહું વાત હું વિનવે વિચાર, વનિતા વખત વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર વનિતા વખત વધુ ન લગાડ
રંગ રમાડું સુગે જમાડુ, પ્રીતિ ચખાડું રીતિ દેખાડું
રસમાં ડુબાવુ નાર, વનિતા વખત વધુ ન લગાડ
૨ રેશ્મ રિચ સાડી પહેરાવું હાડી કમખાને ચોળી ચણીયોને નાડી
હાર હીરાનાને માળા સુંવાળી ઝાંઝર ઝુમણા મોતીડી વાળી
પતરાવું પકવાન થા તું તો બનડી પગમાં ગે જોડાને છત્રી લે કાળી
બઠવાને ગાડીને ફરવાને વાડી હું તારો લાડો ને તું મારી લાડી
હું તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવા ને જોઈને જોઈને લેવા
લહેરાજીના વીવાહ નહીં ખાવા કે પીવા
તું ચાલને થા તઇયાર—વનિતા—કહું.

૨૨ સુરદાસ.

ચીલ્ન—આ તારા વચનો સારાં સ્નેહે સાંભળતાં
શાંતી પામ્યું છે મન મારૂં રે આજે—
જગની જંજાળમાંથી જાગતા બચાવો છો

ધન્ય ગુરૂ ચિંતામણી ધારૂ રે આજે—

ચીન્તા—ભક્તિ ભગવાન કેરી કરનાં હમેશાંજી

થવાનું ત્વરાએ શુભ તારૂં રે—શાણા

બીરબ—આ તારા વચનો સાચાંજી

૨૩ ભક્તિવિજય.

મને વ્રજવાસ છે વ્હાલો, કરો શિદ આગ્રહ ઠાલોરે
સગાં સહોદર માત ને તાતના ફોગટ છે સહુ ફંદ,
આનંદમુર્તી નંદકુમારની સ્નેહે ધરી સુખકંદ.
પાયો મને પ્રેમનો પ્યાલો રે. કરો૦
અધમ સ્વામીને લેજો ઉગારી, બહુ વિધ આપી બોધ;
આપની ભક્તિ નહીં કદી ભુલથી નહિ કરૂં અવરોધ.
મીરાં ચીતોડમાં ચાલીર. ક૦
ભુધરને ભજી દુર ધરી મેં દુનિયાની દરકાર
પ્રાણ જતાં પણ હું નહિ ચુકું લાલની પ્રીત લગાર.
ખોટા સહુ જગના પ્યાલો રે.

૨૪ ભક્તિવિજય.

મારા રંગીલા ગીરિધરલાલ આવ્યા રૂડું રૂપ ધરી,
દાસી મીરાંને દિનદયાળ ભેટો વેગે ભાવ ધરી,
જાણ્યું નથી જેણે હજી શુદ્ધ તમારૂં સ્વરૂપ,
ડરશે એ દિલમાંહી, હું તો આનંદ પામીશું અનુપ —ભેટો—મીરાં
જળ સ્થળમા હુ જોઉં છું તમને ત્રિભુવન નાથ,
ડરવાની નથી દેવ હું તો બળથી દોડીને ભરૂ બાથ. મીરાં.

૨૫ ભક્તિવિજય.

ઘેલી થઈ રે હુંતો ઘેલી થઈ, હું વ્હાલા નંદલાલ વાંસે હુંતો ઘેલી થઈ,
નામ લઈ રે એનું નામ લઇ હું તો [illegible]વાંનું એનું નામ લઇ
આ રે સંસારીયાનું સગપણ છોડી રે (૨)
રૂડા રસ સાથે રાચી રહી, વહાલા
લગની લાગી છે મને, લટકાળા લાલથી રે (૨)
જપુ કાનુડાની માળા કરમાં ગ્રહી, વહાલા.

૨૬ જયરાજ.

મોહન આવો મહેલતાને પોઢો પ્રેમે પલંગ,
અંગ ફુલ્યાં નવરંગ અમારાં, રાય રમોને રંગ.
સલુણા સાહેબાજી હો. મોરે મન મોહની લાગી રાજ.
આજ ભરી ભર રંગ તમોને છાંડુ છબીલા છેલ

અકે બ્રહ્માંડ ચકિત બને એવા ખાતે બતાવું ખેલ—સ૦
એક છબી છે આપની એવીજ સુરજ કોટી સમાય,
પીરસી પીરસું કંચન થાળું હરખ હૈયે ન સમાય—સ૦

૨૭ **સુરદાસ.**

હું તો ભજન કરીશ હરીનું, સદા સુખે—ભજન
આ સંસાર આગ સમ લાગે મિથ્યા ફાંફાં મારી હારી
નહી કોઇને કહેતા તમારી વાત આ બંધાઉં છું
રાખો ભરોસો હૃદયમાં, હું દેવના સમ ખાઉં છું
છોડો ક્ષમા લાવી મને, ઝટ અહિંથી જવા દિઓ
સંતો તણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ

૨૮ **સુરદાસ.**

મેં ભયનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારાં
ઘટ ઘરમાં કરજે વાસ, પ્રીતે પ્રભુજી પ્યારા—ટેક
બીઠલ વહાલું બીરદ વીચારી, આ સેવકને લેજે ઉગારી
ખામી વીસારી શરણે સ્વીકારી ટાળો હરો મુજ ત્રાસ રે—મેં ભયનો
આંખ વીના અતીશય દુખી થાશે જીંદગી આની શી રીતે જાશે
આવે હવે શું ગભરાયે હવે શું શાને બનો છે. ઉદાસરે

૨૯ **સતી દ્રોપદી.**

શામળીઆજી કરજો મારી સહાય રે
વ્હાલા ગરૂડે ચડીને વેલા આવજો રે
શામ સલુણા સુભદ્રાના વીર રે
આ દીન બાળાની લાજ દયાળુ રાખજો રે
છોગાળા છે વાત છેલી નથી કોઇ મારૂં બેલી,
વા'લા તુજ ગુણની ઘેલી દાસી દુખમાં ડુબેલી,
દુખીની દાદ ને ફરીયાદ અંતર લાવજો રે
કૌરવ કર્મે ચંડાળ દુસીશાસન નિર્દય અરે,
જોતા પાંચ ભરથાર પાપી પટકુળ તાણતો;
વા'રે આવોને દયા દીલ લાવોને
નાથ હું અનાથ નારી ભરૂસો છે સુંદર ભારી,
જેવી તેવી હું તમારી વા'લા દેશો ના વિસારી
હેતે હળધરજીના વીર આવી ઉગારજો રે.

૩૦ સુરદાસ.

વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે લગનીયાં મહારી મહારાજ
પ્યારી છબી શામળાની સ્થાપી ઘટ ઘરમાં મેં તો
એને હાથે છે મારી લાજ
વંદ્રાવનમાં ફરતા ધરતા વરતા આ આ......વ્હાલા.
હાડે નીત હેત ધારી બંધુ હળધરના
હું તો સેવું છોડીને બીજા...વંદ્રા......આ વ્હાલા,

૩૧ સતી દ્રોપદી.

ગોવીંદ ગુણ ગાઓ રે નરનાર,
ગોપાળ ગુણ ગાવો રે નરનાર
ગીરધરશ્રી ધરશ્રી મુરલીધર
નામથી નેહ લગાવો રે—હાં નેહ લગાવો રે.
મારૂં તારૂં મિથ્યા માની કૃષ્ણ કૃષ્ણ કહે જાવો રે. ગો૦
અધમ ઉધારણ ભવ જળ તારણ,
નિરભય નામથી થવો રે ભય નામથી જાવો રે. ગો૦

૩૨

જાગરે જીવ સંભારને શ્રીહરી શઠ થઇ શું સુનો સોડ તાણી
પોટલાં પાપનાં બાંધીયા સાથ નવ જ્ઞાન વઇરાગની વાત જાણી—
દિવસે ચોદિશ ભમ્યો રાત નિદ્રા વિશે સ્વપ્નમાં સાંભરે ખોટી માયા
જન્મીને જીવનનો સાર જાણ્યો નહી નવ ઘડી એક ગોવીંદ ગાયા
મોહમાં રહી મગ્યો પ્રપંચમાં તું પચ્યો ચિંતામણી એળે ખોઇ
ચાર્યું કરવો નથી હાર્યું કેવું પડે અંતે પસ્તાઇ પસ્તાઇ રોઇ.

૩૩ મીરાંબાઈ.

હરી મારા હદે રહેજો પ્રભુ મારી પાસે રહેજો
જોજો ન્યારા થાતા રામ મને દીનનો વિશ્વાસ છે
મીરાંબાઇને મારવા જ્યારે રાણે હઠ લીધી રામ--મને
ઝેરનાં પ્યાલા મીરાંબાઇએ અમૃત કરી આરોગ્યા રામ—
જુનાગઢના ચોકમાં જ્યારે નાગરે હઠ લીધી રામ—મને૦
નરસિંહ મહેતાની હુંડી લઇને દ્વારીકામાં દીધી રામ—મને૦
સવરી કેરાં એઠાં બોર પ્રેમે કરી આરોગ્યા રામ—મને૦
ત્રણ ભુવનના નાથ તમને મીરાંબાઇએ ગાયા રામ—

૩૪ વિક્રમચરિત્ર.

નજર કરે નાથ જરા ઓળખી લ્યો નારી,
શું હું બીજી કે કંથ આપનીજ પ્યારી—નજર૦
હેમ પ્યાલો હાથમાં ને મહી માંહું દુધ,
પીયુ સામા પાસથી શું તેની ભુલ્યા શુધ
કોણ હતી એ તે કંથ દુધ પાનારી—નજર૦

૩૫ સદેવંત સાવળીંગા.

વહેલા ઉઘાડો દ્વાર, સદેવંત વહેલા ઉઘાડો દ્વાર,
એકલી ઉભી છું હું બહાર, સદેવંત વહેલા ઉઘાડો
મારે જગાડો ન વાર, સદેવંત વહેલા ઉઘાડો—ટેક,
છે મનથી તુજ મશ્કરી, જીવ જ મારો જાય
ઉભી રહું આંહી એકલી, તેમ તેમ હૃદય ચીરાય—સદે૦
માત પિતા મેં પરહર્યાં, તજી નાત ને જાત
તમ અરથે બની ઘેલડી, આખી જાજમ રાત—સદે૦
હવે હદ થઈ વાલમાં દરશન દો ઝટ આપ
શક્તિ સહન કરવી નથી, તમ વિયોગ કેરો તાપ—સદે૦

૩૬

સુણ બેની મારી જે, જે થઇ સતી નારી
પતિને પ્રભુ જાણતી, તું જોને વિચારી—સુણ૦
સીતા કુંતા સુલોચન, અનેક સતિ સતિ વિખ્યાત
વરતી સરવે તેમજ ભલા, વિના અવર નહી વાત—સુણ૦
આશ્રય એક એને સાચા, પતિ અને જગદીશ
પતિ રક્ષણથી દઇવ પતિ, માટે સાચા ઇશ—સુણ૦
નળને પ્રભુ જાણ્યા દમયંતી એકજ પતિ અન્ય.
પતિ સ્મરણ તે દી ન મુકી સંકટમાં શુધ મન—સુણ૦
જુઓ દ્રૌપદી પાંડવ જનની, સતી જે નિરમળ નાર
દુઃખ દુર્યોધનથી પામી તવ કૃષ્ણે કીધી વ્હાર—સુણ૦
માટે એ સતીઓની રીતી. રાખીને જગમાંય
શીખવું તણું કરવું રક્ષણ, ને કંથ તણી સેવાય—સુણ૦

૩૭ નંદબત્રીસી.

મન ભુલાવે મન લોભાવે, મન ચકડોળે મન ચડાવેજી;
શુધ પવિત્ર નિરમળ આત્મા, ડાહ્યને રંગરોળાવેજી,
જોવાનું તે નવ દે જોવા, નહી જોવાનું બતાવેજી

અમસ્ત મુકી વીખને વળગે, નરક મહી રોળાવેજી
વારૂ વનીતા વીશ્વ મહી છે, કોઇ ગોરી કાળીજી
ત્રુપ્તી છે સતોષ મહી નથી, સુખકર શુદ્ધ ભાળીજી—

૩૮ ઉમાદેવડી.

ગાજે ગગન ગરરર ગગન ગરરર ઝબકે વિજળીયો ઝરરર,
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીના ચીર ચરરર
ભીની બાળા હાય અરરર સ્વામી સોડે પેસે સરરર—ગાજે૦
હરીયારી ભુલી ભલી, હરીઆળા વળી વન,
હરીયાળુ સજોગમાં,
અરે વીરહે ઉઠે છે અગનરે સજની મદન પીડા ક્યાં કહીયે
બાળા રડીએરે મનમાં મુંઝાઇએ—સજની૦
નદીઓ ખરરર નાસતી સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે
ચટપટ લાગે રે આવે સમે ભોગી ભેટવા રે
માતાજી મેર જો કરે, કુંવારી કોડે કરગરે
મચ્યો મદન મહાવીર, મચ્યો મદન મહાવીર,
થઇએ માતાજી અમે થરરર—ગાજે૦

૩૯ વીણાવેવી.

રે રડીઆળા રઘુવીર જગધારજો
આજીજી આ અબળાની અવધારજો રે
હું દીન બાળા કોપ્યા કંથ કુમારજો
વાદળ વરસે રૂધીર મુશળ ધારજો
ભલે આ ઉર આ અહીંયાં માંયે
કદી નાથ મારા ...થ નહિ
સતી સંત જીવે પતિ ગુણ ગાઇ
સતીની ગતી છે પતિ હાથ સ્હાઇ
રે દીન બંધુ—જાળવજો ભરથાર જો
છેવટના છે પ્રણામ પ્રાણાધારજો

૪૦ ભક્તરાજ અમરીસ.

ચાલ ચાલરે મારા સમ ભરીયા,
તારી ઠમકતી ચાલ મને બહુ ગમતી,
વાંકી પુછડી નથી સીધી વળતી
તારો કઠણ બોલ ત્રાંબીઆના તોલ,
ઘુ ઘુ ઘુ કોલ આપરે વહાલા વખ વસીયા. ચાલ૦

૪૧૯૦ ૧૧

૪૧ ભક્તરાજ અમરીસ.

જાદુથી ઝુલાવે છે આ ભાન, નટખટ બહુ કરૂ પિછાન, (જાદુથી૦
ઝુંટારો છે કે ઠગારો કોઈ, મોત વિણુ મરવા આવ્યો નાદાન
ઠગાઇથી ઘુસ્યો ઘરમાં આતો;
જોઇ એનું મુખ મારો જીવડો જાતો,
(અલીએ હું આનો બાપલું, શુધ ખાપ, તારો વર ઠીક કહુંછું કે
આવું અદીઠ કર)
(જાને રોયા ઘરબારો જો, વહુ તારિણી, ખડ મુખે ખા લાજી મર
આપણે પજતથી રહીએ બાપુડી આવું ના કહીએ
દુર હડ પાજી છોડ પતરાજી.
ઠીક, ઠીક, ઠીક.
વારે મારા ધુત્તરાળા, લટકાળા ચટકાળા વ્હાલજી વાલમજી
ડોયડુ ઝાલજે અમથુડા આનુ જઈ
ગરદન મારીયે મ્હોમાં ડુચો દઈ;
ફુટ ફુટ છોકરા,
જા ઠગ ડોકરા,
મુક ડોક મારી કહુ છું મગ ભાંગી.
લ્હાવો લીયો શેઠ મેં માગી લે, લે, લે,
ચાલો મફતીઆ અમથુડા એને જવા દીએ,
એ તરવન હેવાન.

૪૨ ભક્તરાજ અમરીસ.

મોહનજીને મળવા તલપે મારૂ ચીતરે,
પ્રેમની આંખો પ્રેમની પાંખો;
પ્રેમના ગાઉં મુખે ગીતરે—મોહનજી.
સાગર સંગે સરીતા ઉમંગે
મળવા દોડે ધરી પ્રીત રે—મોહનજી૦
પ્રેમે મળશું ધ્યાનમાં ભળશું,
વહેલા વળશું હાં ખચીત રે—મોહનજી.

૪૩ જગતસિંહ.

દુનિયામાં નથી કોઇએ દીઠો પ્રેમ કીનારો,
સાગર મહી કુલનો પ્રેમી કોઇએ ન ઉગાર્યો—દુનીયા૦
મતલબમાં મુઝાએલો ભમર એમ ભમાયો,
પ્રેમાંધ બની પુષ્પ કમળમાં એહ બીડાયો—દુનીયા૦

પંખી પરદેશી પ્રેમ વગડે જાઇને મુઝાયો,
ઝાડીમાં ઊગી વાડ નહિ એમ અથડાયો—દુનીયા૦
આ મિત્ર મળે ભોમીઓ, આરે હવે આરો;
નહીતો ઘવાએલો ફળે એ બળદ બીચારો—દુનીયા૦

૪૪ ભક્તરાજ અમરીસ.

શાથી સુંદર છે મારા નાથ—મારો નાથ રે
ભક્તમણી એ દાસ કૃષ્ણનાથજી,
ગુણસાગર એ નટવર નાગર;
મોહી અમર વરને સોંપ્યો હાથ (૩) રે—ભક્ત૦
કરવાને ગનના ભાગનો તન,
સંસાર કરીશું એનો સાથ (૩) રે—ભક્ત૦

૪૫ નંદબત્રીસી.

જાગી જોને તું જીવડા, આલા જાગી જોને જરી;
સુતો શું અભાગી, સુખના સ્વપ્નમાં ઠરી (૨) જાગી.
સ્વારથનું સગપણ સંસારે, તેમાં મુઢ તું શું લપટાએ,
કહું શું સુદખડા હજુ માયા ના ગરી
મોહના ચીતની ના ચળી, તૃષ્ણા તનની ના ટળી—જાગી.
ફરે મરણના માથે રે ફેરો સુકૃત કરીને ભવજળ તરીએ;
માનવ દેહ મોઘો ઘેલા મળશે ના ફરી
ગાંડા મળશે ના ફરી, ગુમાની મરશે ના ફરી
જપ તો જાગે છે વહી, તે ચીતમાં કાં નહી—જાગી

૪૬ નંદબત્રીસી.

આ સ્વપ્ના સમ સંસાર સમજી જોને શાણા,
દુર્લભ માનવ અવતાર અવની મહી એ રાણી.
બાળપણું રમતાં ગુમાવે,
જુવાનીમાં લંપટપણું ભાવે;
વૃદ્ધપણાએ જીવ લોભે તણાએ, રટે નહી કીરતાર રે—આ૦
મરણુ શ્વાસ જવ ચાલુ થાએ,
કૃત્ય કુડાં નજરે ઉભરાયે;
પીડાક ભારે, પસ્તાય પાપી, ત્યારે આંસુ વહે ચોધાર રે—આ૦

૪૭ રમારમણજત.

મહી વેચવા હાલી હું તો મહી વેચવા હાલી,
મારગે પલકારા મારતી ફર ફુલી ફાલી;

જુવાનીઆની નજર પડતાં લાગુ બહુ વહાલી.
પ્રેમ પરખી પરણું હું તો મોક ન ઠાલી માલી—હુંતો૦
માણી મારૂીઅર મરદપર માં કર કરડી આંખ
પોપટ પડયો પ્રેમ પાંજરે પાળ ગમે તોડ પાંખ;
પાળીએ નહી અમે પોપટડા, આદરના સારનાર,
ચડીએ નહી અળખામણાને રંડુ ને પડતું ગમાર;
સીદને થકા ખાસ તું પાયલ સીદને ધકા ખાસ,
વારા જેવા તો પગ માટે પણ હઉ ન તાલી રે—હુંતો૦

૪૮ **રમાદેવી.**

જરા નાચોજી નખરેથી યાર, હાંરે જરા ખેલોજી નખરેથી યાર:
તેરી મેરી જોડી બની મજેદાર—જરા૦
ચાલું મટાથી મહાલુ અટાથી, એતો ઇશકબાજીનો વહેવાર—હાંરે
હવે નેન મીલાવોને પ્રેમ શીખાવોને ઓર લુંટાવોને જોબનીયાની બહાર
હજી લટકેથી આવોને મટકેથી આવોને ઓર સુણાવો ઝાંઝરનો ઝમકા
ઉંહું હું ઉંહુંહું યાર, ઇશકના જોજો દેદાર—રંગીલા૦

૪૯ **લીલાવતી.**

અવરમદન અલબેલો આનો દીસે અવરમદન અલબેલો.
સરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો—આનો૦
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉ ઝરૂખે ઝકેલો—આ તો
હું નીરભાગી નાથ તજી મુને, વેસ્યા આવાસે વસેલો—આ તો૦
ધન ગુણીકા ધરણી તજી મુજને, પ્રીય કર્યો મમ પરણેલો—આતો૦
ચંદ ચકોરને મયુર મેઘ સમ, મુજ મન રંગ રહેલો—આ તો૦
અધ્યારી વેશ મને નહી જાણે, મગ છાંગ છેલછબીલો—આ તો૦

૫૦ **વીણાવેલી.**

હા માનેલી માતેલી છકેલી છોકરી તારૂં ઉતારૂં ગુમાન,
હા ચઢીને ચઢી તું છેક ચઢી ભુલી નાના મોટાનું ભાન;
પહેલાં પાણી પીને ઘર પુછે, પછી એતો મહાઅજાણ—હા.
લાડ લડાવીએ બાળપણે, પછી કરે અપમાન,
પાછી ભુલી ભાન કદાપી સ્વાન રહેવું નુકશાન. :
સાથ કુપાત્ર ને પ્રીતીનું પાત્રજ, રહેશે આખો ભવ દુખનીધાન

૫૧ **નવલકુસુમ.**

ભરી ભરી પ્રીતીની પ્યાલી પીજો ને પીવરાવજો—ભરી ભરી
લટકે ને મટકે રસીલી રસીયાને રીઝાવજો—લટકે

જીવનનો લહાવો લેજોજી, જોબનનો લાવો દેજોજી,
રસનાના રંગ તરંગમાં, ઝલજો ને ઝલાવજો—ભરી
બની તમ ગુલ રસીલી રે, પીયુ બુલબુલ રસીલીને,
જોબનના જાદુમાં રે, ફુલજો ને ફુલાવજો—ભરી

૫૨ **લીલાવતી.**

આજ આવી રાજ હજુરમાં કરજોડીને કરૂં વીનતી—ટેક.
એક કામસેના વેસ્યા અહીં સાચી શતરૂ તે તો મારી સહી
રાત દીન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતી—આજ
કુળમાં કલંક કપુતથી, આમને જરી ગાંઠતો નથી,
એથી આપને કરૂં અરજ આ, મુકી બેટણું પદ ભુપતી
હુકમે હમારી પીડા હરી, ગુણીકા કનેથી કૃપા કરી,
અમ પુત્ર અપાવીએ થાઓ રાજ્યના ચડતી રીતી—આજ

૫૩ **સતી અનુસયા.**

મારે મંદીરે પધારો યોગીરાજ મહારાજ,
ભોજન કરાવું મન ભાવતા;
ઘેબર ઘારી જલેબી શીરો સુખડી,
મોતીચુર ને મેસુર લાગે ભુખશું;
ચક્ષુ તતબીરે કાચલી વડી તમ કાજ—ભોજન
નેહે નીપજાવું શાક ભાત ભાતના,
રૂડાં રાઇતાં બનાવું જાત જાતનાં,
અતી જુકતીથી પીરશું પ્રીતે ધરી આજ—ભોજન૦

૫૪ **સતી અનુસુયા.**

મારે મ્હોડા મનાવી રાણી કહેવરાવી;
કલાવી પટાવી પુછો શું તમે (૨)
ફુલ સુગંધીવાળાં રૂડાં રંગે રૂપાળાં,
તેની મીઠી સુગંધી કોને ના ગમે;
કોને ના ગમે--મારે
લીલું પીળાં ઝાડ પાન—ઉપર પંખી કરે ગાન;
રાજ કાને સાંભળવાં કોને ના ગમે;
કોને ના ગમે—મારે

૫૫ **કબીરદાસ.**

રામ નામ તું ભજલે પ્યારે, કાયકુ મગરૂબી કરતા હૈ
કચી મટીકા બંગલા તેરા, પાન પલકમે ઢળતા હૈ

બ્રાહ્મણ હોકર પુરાન વાંચો, સ્નાન તરપન કરતા હે.
સર્વ કાલ સુચીન રહે તો, એ ક્યાં સાહેબ મીલતા હે
જોગી હોકરે જટા વધારે, હાલ મસ્તમેં રહેતા હે,
ઉપ્પર ધરે કર હાથ સુકાવે, એ ક્યાં સાહેબ મીલતા હે—રામ
મુલ્લા હોકર બાંગ પુકારે, વોકયા સાહેબ બહેરા હે
મુંગીકે પાંવકા અવાજ બાજે, એભી અલ્લા સુનતા હે
જગમ હોકર લીંગ બધાવે, ઘરઘર લેકર ફીરતા હે
શંખ બજા કર ભીક્ષા માગે, એ ક્યાં સાહેબ મીલતા હે
કહત કબીરા સુન ભાઇ સાધુ, મનકી માલા જપતા હે
ભાવ ભક્તિસે ધ્યાન ધરત હે, ઉનકુ સાહેબ મીલતા હે

૫૬ મીરાંબાઇ.

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની માયા લાગી.
મુખડું મેં જોયું તારૂં, સર્વ જુગ થયું છે ખારૂં
મન મારૂં રહ્યું ન્યારૂં ન્યારૂં રે—મોહન તારા૦
સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે—મોહન તારા.
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર સીદ જઇએ રે—મોહન તારા.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સોભાગ્ય મારો,
રાંડવાનો ભે ટાળ્યો રે—મોહન તારા.
મીરાંબાઇ બલિહારી, આસા એક મને તારી,
હવે હું તો બડ ભાગી રે—મોહન તારા મુખડાની.

૫૭ કબીરદાસ.

રામ ઝરૂખે બેઠકે સબકા મુજરા લેત
જેસી ઉનકી ચાકરી, એસા ઉનકો દેત.
મન મરે માયા મરે, મરમર જાત શરીર,
આશા તૃષ્ણા ના મરે, કહે ગયા દાસ કબીર,
કબીરા તેરી કોટડી, ગલકટે કે પાસ
કરેગા સો પાવેગા; કોણ બેટા કોણ બાપ
અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ,
દાસ કબીર યું કહે, સબકા દાતા રામ.

૫૮ સુરદાસ.

વિષય વાત મમ માત તજીને, કૃષ્ણ ભજન તું કરવા દે.

ધર્મ વૃત્તિ એ ધરણી ધરનું, ધ્યાન મતીથી ધરવા દે.
અધમપણાને અલગ રાખી, ભંડાર ભક્તિના ભરવા દે.
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે.
નાશવંત નર નામ છોડીને, અક્ષય વરને વરવા દ—વિષય.

૫૯ ઉદયભાણ.

માન માયાના કરનારારે જરી જોને તપાસી તારા કાયા
પુછી જોને તું પંડીત પુરાણારે કોઇના અમર છે લેખ લખાણા
કાચી છે કાયા આ માટીની માયા માટીના ખેલ બનાયા
આણ્યા તો સમજી અલગ થયા પણ બાળક બીચારા લપટાયા રે
લાખોની પાંખો ગઈ છે પીખાઇ જેણે સુછપર લીંબુ ઠરાયા
કાળના કોવાડાથી કોણ બચ્યું છે હોય ભલે રંક મહારાજારે—રે
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાના લાડ લડાયા
જોબન ને તન ધન તેવા સમજવા પાણીમાંના પરછાયા રે—

૬૦ વીણાવેલી.

અરે શું માનવનો અભીમાન પલકમાં ટળી જશે રે
ખરે જેમ પીપળ ઉપર પાન પલકમાં ખરી જશે રે
પલકમાં ખરી જશે રે માટીમાં મળી જશેરે
ઘડી જીવતરમાં ઘડી એક સુખની ના આ......રે નથી
સુદ મમતામાં તોએ મરતા આ......રે નથી
પામર નર નાદાન.........અરે.
કાયા કલેવર કારમું છે ગંદકીનો ગાડવો
સમજુ જને સમજી જઈ અભિમાનને વણસાડવો
અભીમાન ફણીધરને નહીં દુધ પાઇને પોષાડવો
રાવણ સરીખે માનથી લીધો નથી કાંઈ લાડવો

૬૧ મીરાંબાઈ.

કાનુડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુંવારાર—કાનુડો.
જ્યારે જમનાનાં તીરે હું તો ભરવાને ગઇતી રે
કાનુડે ઉરાડયાં આછાં નીર છાંટયા છરરરરરર—કાનુડો.
જમુનાને કાંઠે વાલે રાસ રચ્યો છે
સોળસે ગોપીનાં ઝાલ્યાં ચીર ફાટયાં છરરરરરરર—કાનુડો.
હું તો વરણાગી કાના તમારા રે નામની રે
કાનુડે તાકીને માર્યાં તીર વાગ્યાં સરરરરરરર—કાનુડો.
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી ફરરરરરરર—કાનુડો.

૬૨ માનસિંહ અભેસિંહ.

જળ ભરવા હું ગઇતી રે સાહેલીની સંગે
આડા આવીને ઉભા રે કુંવરજી નવ રંગે
જળ ભરવા સર્વે ગયાં એ વાડી મોઝાર
થઇ ઉભા દરવાન તે બંને રાજ કુમાર
રોકી રાખી સાસુજી રે અમો સઉ પનીહારી
નામ પુછીને મારૂં રે કીધા ઠઠા ભારી—જળ.
શરમાઈ ઉભા રહ્યાં શું અમ અબળા જોર
વિનંતી કાંઇ સુણી નહી દેખાડી નીજ તોર
તેથી અમો હાર્યા રે આખર એક સાહેલી
નામ દીધુંજ મારૂં રે ત્યારે દીધા મેલી—જળ.

૬૩

સંસારીયામાં કોઇએ બતાવો નર સુખીઆજી
રાજા પણ દુખીયારે, પ્રજા જન દુખીયાજી
દુખીયા જગતમાં જુવાનીયા—સંસારીયા.
આશા ત્રણુપમાં બંધાણા જીવડાજી
એક બીજાને લડાવીયા રે—સંસારીયા.
મનમાં મનોરથ મોટા મોટા બાંધીનેજી
અધમે આદરે અભાગીયા રે—સંસારીયા.
ધાર્યું હરીનું થાય મુરખ માને નહીજી
અંતે પડે શીર જુતીયાં—સંસારીયા.
ભવ રે સાગરને પાર ઉતારવાજી
રામનુ નામ લે તું પ્રાણીઆ—સંસારીયા.

૬૪ મોહનીચંદ્ર.

આવશે પ્યારી, આવશે પ્યારી આવશે રે
અહોહોહો, મારી હૃદય મણી પદમણી પધારશે રે
હીરા મંગાવું કે મોતી મંગાવું, પ્યારીનું મન શે માનશે રે
માળા મંગાવું કે ગજરા ગુંથાવું સુંદરીને શું શાવશે રે.
ચંબેલી લાવું કે હીંડો લગાવું, રસીલી શાથી રાચશે રે—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું, મોહિનીને શું ભાવશે રે—

૬૫ મોહનીચંદ્ર.

ચોકને આંમણે ચાંદની રે ખીલી રૂડેરી રંગ રંગ રે
આવો સાહેલી રંગ માનવા

હઈયા ખોલીને બેન બેનરે વાતો કરી લ્યોની વહાલની
વહાલા વસે વિદેશમાં, બાળા બાળે વેશ;
સધ્યર શાશા મોકલું, શાણુંને સંદેશ.
કુંજલડી રે સંદેશો હમારો જઇ વાલમને કહેજોજી રે
પ્રીતિ કાંઠાના હમે પંખીડા પ્રિતમ સાગર વિના સુના સુનાજી રે
કુંજલડીને વહાલો મીઠો મહેરામણ,
અમને અમૃત ખાણું વહાલા પ્રીતમ પ્રાણુ—કુંજલ.
સાયબો મારો સુલક્ષણો, એઠા જુઠાં ખાય;
ઘરની સુખડી ના ગમે, સોગન જુઠાં ખાય.
તમારા સમ જો તમે મને વહાલા, જુઠડા સમ ખાવછોજીરે
પીયુ તમારૂં મનડું માને ત્યાં જાવ છો,
ઘી ભર્યાં ઘેબર ઘેર રઝળે છે
કુશકા ખાવાને ધકા ખાવ છો જીરે—પીયુ તમારૂં
સોળ વરસની સુંદરી, સ્વામી વરસે સાઠ;
મોહું જોઇને મોહી રહ્યો, લાડકી કરતી લાડ.
પગમાં કાંટો વાગ્યો (૨)
નહિ રે જીવું હું તો નહિ રે જીવું
મારી સગી નણંદના વીર હો રાજ—પગમાં કાંટો.
તેડાવજો મારા બાપાજીને રે
જોગી જતીને તેડાવજોજી રે—નહિ રે.

૬૬ **વીણાવેલી.**

ચાલો મારા ચતુર સુજાણુ હાં હાં
માને નહિ નયનનાં જાણુ હાં હાં
કાળજે ઉતારી તારી સુરતી રસિલા આવુ—ચાલો.
ઘાયલ કીધો તેં પડેલા ધુતારી મારી નયનનો માર
દાઝયા ઉપર લુણુ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેતર નાજુક નાજુકડી
માર્યો તેં હાય હાય ઠાર ઠાર
રસિકાર માર્યો તેં હાય હાય ઠાર.

૬૭ **મોહનીચંદ્ર.**

મારી લાડકડી લજ્જાને સંભાળજો રે
આ આંખ વિનાની ટંખીઆં પાળજો રે
એક ચતુર સુજાણુ શો શું કહીએ

તોય દંપતીને આશીશ દઇએ
હળી મળીને હેતે પ્રેમ હેમ સંભાળજો રે,
મધુરા મંત્રથી પાપ લુટારાને મારજો રે
નિર્મળ મતિ જળથી ન્હાય અનિતી નિવારજો રે
જળથી છુટે માછલી નોંધારી લાચાર
ગભરાતીના ગુણવતિ વિશ્વપતિ છે વ્હાર

૬૮ નરસી મહેતો.

વારી વારી શું શોભે છે વીરો બીજા પાંચીકા ને પોતે હીરો
ખીરશુ ખોબલીએ ખાંડ ને ખીરો દેશે બેનીને બહુ હીર ચીરો
ધરણીધરનો સેવક સદા ધીરો જેને દેખીને લાજે અમીરો
શુભ ચાહક જગ વીરનું, બેન વિના નહી કોય;
વંશ વધારક તાતના, દિર્ઘાયુષ તું હોય.
આપ તું આશીશ, સુખડાં પામીશ, દુખડાં વામીશ બેન—વારી.
ધન ધન મારી બેનડી, જિણુ સ્વારથ તુજ પેર;
સ્વારથ સઉ સંસારમાં, નહિ નરસીને ઘેર.
સાચી સાચી પ્રીત ચોટી તારે ચીત ગાતું મને ગીત બેન—વારી.

૬૯ વીણાવેલી.

જગતમાં તે નરને ધિક્કાર, તજે જે પરણી ઘરની નાર
બગાડે મુરખ તે સંસાર, ભેળવે દીવેલમાં કંસાર
અરે કેમ હાથ પડે રે અ...ર સુંદરી ઘર શણુગાર
ગુલાબના ટગલામાં શોભે, ધગ ધગતા અંગાર
અંગ આપણું અબળા કહીયે, કહો ભાઈ અંગ તજીને રહીયે
અ...ર પ્રાણુ હાર—જગતમાં
ભળે કેમ કેશર કાવામાં, લસણુ તણો વઘાર
મધુર કળીમાં કુંગળી ગુંથે, હીણભાગી સરદાર
કુસુમ કળી બાઇ દીસે કરમાં છુંદે કળીને છાણી છરમાં
અર......કુંભાર,

૭૦ ચંદ્રહાસ.

ડરમાં તું દીલસાથ છોકરા ડરમાં તું દીલ સાથ
તુંને કોઈ ન મારે લાત છોકરા
તુંને સંભાળુ પ્રિતીથી પાળુ ચાલ તને મારા મહેલ દેખાડુ
ઘરેણાં વસ્ત્ર સારા સારા કાઢુ, ચાલ તું જો મારા મહેલના ચિત્રો

રમકડાં રૂડાં ન્યારાં વિચિત્રો, અરે મારા કેવા છે કંકણુ હાથ—છો.
તમે માયાળુ દીલ દયાળુ સજના કહ્યા વિના હું નહિ આવું
માતપિતા તમ ભ્રાત કોપાવું, નિષ્પાળી હું સલજ કહાવું
નાના નહિ હું તો ત્યાં નહિ આવું, તમે મુકો મારો હાથ—છો.

૭૧ મોહનીચંદ્ર

પ્યારી વાતો મધુરી કરો પ્યારની, કાંઇ ખાતર કરો દીલદારની
લૌને લ્હેજત જોબનના શણગારની બોલ બાળા બોલ
મદનના બહારની
ઘુંઘટ ખોલો બાળા બોલો, જુવાની દીવાની દીન ચારની
સુણો વાતો સુણાતું જહેવારની બીક રાખો ખુદાના મારની
બધી ગફા મસ્તી આ સંસારની, નહી ચાલે હજુર કીરતારની
જમડા ઝાલે પુરા પછાડે, દેવાની નાદાની મુકો પ્યારની—બધી.

૭૨ ચાંપરાજ.

ધીક્કાર છે ધીક્કાર તુને નારીને ધીક્કાર
ધીક તારી જાતને સુઝીયો વ્યભીચાર--ધીક.
પતિવ્રત્તાનું ડોળ ઘાલે પતીની સાથ તું
અંતે તુને આશું સુઝયું ધીક છે અવતાર—ધીક.
કુળ લજાવ્યું મુળ લજાવ્યું ધણી લજાવ્યો
પ્રાણ જશે આ મારો આ તુજ કાજ નારી—ધીક.
નફટ જરા ન આવી શરમ કર્મ શું કર્યું
ધર્મ તજી મર્મ તારો નાગણો તે વાર—ધીક.
જોગી રાજા ભરથરી તે નારી કાજથી
મરણ રૂપ મર્યું મગ્નો નીચ હાથ નાર—ધીક.
ધીક્કાર છે ધીક્કાર તને ધીક્કાર ધીક્કાર તને
તારી જાતને ધીક્કાર તારી માતને ધીક્કાર—ધીક.
અને ધીક્કાર તારી સાથ પરણનારને ધીક્કાર

૭૩ અસારૂમતી.

આવો, આવો કુમકુમને પગલે
આવીજી ડગલે ડગલે
સુખ શાંતિ આપી સઘલે
રાક હું દગલે દગલે
બોલો નહિ જરીએ બાળા
શા સતાવે છે ચાળા—આવો.

પારસમણી પડખે પેઠી, બીક સઘળી હેઠી બેઠી
ગીયું જો જો ચંડાળે, ભોગવીયું હા જુપાળે
મુકું હું હાથ કપાળે

૭૪ સુશીલા.

ભાગ્ય વીના નર ભમતા ભવમાં ભટકભટ્ટા ભારી
અતી દુખીયારા હાલત હાતા દેઠુ વીહારી—ભાગ્ય.
કધક કરતા નાચારી કધક નર છે ભીખારી
કધકને અસ્વારી કેવી, લીલા છે પ્રભુજી તારી
સુશીલા સમજે પ્યારી, વિયોગે અતિ દુખીયારી
અકપતીની લે ઉગારી, કષ્ટ કાપો કરૂણાકારી—ભાગ્ય.
કહું કષ્ટ શું ગીરધારી, વાણી ન પહોચે બીચારી
વીનતી ચાહે નિજુચારી ઇશ દયા કર આવારી—ભાગ્ય.

૭૫ મોહીનીચંદ્ર.

હે વચન (૨) વજા રાખે ભગવાન સહાય તે ધણી રે
છે વચન (૨) પરમારથ કારણ પ્રાણુ તરખલું લઉ ગણી રે
વીના વીનંતી વાદળ વરસે હરદમ ઉગે ભાણુ બાળા
તરૂવર ફરતાં સરવર ડળતા કોણ કરે છે તાણુ
વીર વિક્રમ વિદેશ ભટકયો શું લેવાને લ્હાણુ
તન ધન અરપે પર ઉપકારે, ચાતુર ચતુર સુજાણ.
પર ઉપકારીની બલીહારી જીવ્યું તેનું પરમાણ.

૭૬ કૃષ્ણચરિત્ર.

દાણ માગે રે દાણ માગે.
કાનો કાકરી મારે તો મને વાગે - દાણ.
કાનો કીયા મુલકનો દાણી,
મારી નવરંગ ચુંદડી તાણી રે—દાણ.
કાનો કીયા મુલકનો સુબો
મારી વાટડી રોકીને કાન ઉભો—દાણ.

૭૭ ઉદયભાણ.

મુને સહાય કરશે મોરારી રે વારે ચડશે ગોવરધન ધારી
અહલ્યા ઉગારી મીરાંબાઈ તારી
એની ચિંતા કરીશ નહિ તું મારી
મંજારી બચ્ચાને બળતા ઉગારી,
મોક્ષ દીધો ગજેન્દ્રને તારી.

દ્રૌપદીના ચીર પુર્યા
થાશે તે સહાયકારી.

૭૮ ઉદયભાણ.

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો.
બોલો બોલો મેના બોલાવે, ડોલો રંગરસીયાજી ડોલો.
જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે.
મેના તારા વચનની વેણુ વાગી,
લાગી લાગી લલિત લહે લાગી
મેના વહાલી મેના કેના કહે પણ જાગી
જાગી જાગી અજબ જોત જાગી.
પહેલાં પોપટજી પ્યારા રામજી સંભારો
વ્હા વ્હા મેના શું સતી રતા વિસારો
ચતુર સુજાણ સીતારામ ઉચરાવે—બોલો૦
પોપટજી પાંજર સોનાનું સજાવું
લાડલી હું લાલચું નથી કે લલચાવું,
સોને રૂપે શું બીડ ભીતરની ભાગી—વાગી
ભાવના ભુખ્યા સુતાવી ભાવના ભુલાવે—બોલો
રૂડા સુડાને રંગે રંગ રમાડો,
પાંખે ઘાલીને ફળ મીઠા ખવરાવો

૭૯ સરદારબા.

દશા કરે તે કોઇ નવ કરશે મુરખ કરે અભીમાન
પ્રાણી બીચારૂં તુચ્છ મગતરૂં, કાળ કર્યા અજાણ.
કુપદમાં મરડાઇ મરે પણ, ધાર્યું કરે ભગવાન—દશા.
નીરધનીયા પળમાં ધતવંતા ધની થયા લાચાર
સદા સુખી કે સદા દુખી, નહિ કોઇ જગતમાં રહેનાર
કુંપળ હસતી પાન ખરંતા, તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે રહેશે, આફત અપરંપાર
નામ અમર રાખે તે જુગજુગ, જનમ્યું તેજ જનાર
નાહક આકીન છે કે નીચ જન, સત્ય સત્ સહાયક કીરતાર

૮૦ ઓરંબાઇ.

હરી વેણુ વાયછે રે હો વનમાં, તેનો રૂહ વસ્યો મારા તનમનમાં
ચીતડામાં ચટપટી રે હો લાગી, જીવન જોવાને હું જાગી
રસીયાજીને રે હો રાગે, વ્યાકુળ કીધા છે વઇરાગે

ગતમતે ભુલી રહ્યા ગેહની, વનમાં બંશી વાગે વેહની
ધીરજ મરીયા હો ધ્યાને, કાંકણુ નેપુર ધાર્યા કાને,
સેજે કાજલ રે હો સાર્યા, વેહમાં બાળકને વીસાર્યા.
પ્રીતમ પરવશ રે હો કીધા, લજ્જા લોપી મન હરી લીધાં
કંઇ કંઇ વાર્ગા રે હો કંથે પ્રભુજીને મળવા આવ્યા પંથે
ત્રીભોવન નીરખ્યા રે હો તમને, અંગમાં આનંદ વાધ્યો અમને
વાલમ જાયા રે હો વનમાં, મીરાંબાઇ મહાસુખ પામ્યા મનમાં.

૮૧ મીરાંબાઇ.

ગોરી ગુણીયલ જાશુ અમારે ગામ રે
નારી જપશે નીશ દીન નાથ નામ રે
માળ ધારી હાથે કહીશ સ્વામી સ્વામી
શીશ સ્નેહે નામી જેમ ભક્તિ ગામી જપે રામરે—ગોરી.
રાજકુંવર રૂડા અતિ, અવની માંહી અનેક,
દુધ થકી જીવે નહિ, મીન તણી એ ટેક
એમ કરતાં કસોટી જો કંચન થાશો
ગુણ મારા ગાશો પ્રીત પાણી પાશો
રંજ રતી, થાશો આપ કામ રે.

૮૨ રામ રતન.

જીવ જાતા એક જાણુ વિશ્વ સહુ વેરાન દીસે,
વિશ્વ સહુ વેરાન દીસે ક્યાંય આરામ દીસે;
સુના મંદીર સુની મેડી, સુનાં જાળી જાળીઆં
સુના દીલને સરવ આજે, સગમતા સમશાન દીસે
માટીનું ખોખું તજી, એ પ્રાણ પંખીડું ગયું;
આ માટીના ગાળા મટી એ ખોખું પણ નાના દીસે—જીવ.
જીવતા જે જાણતા તો આ મારો છે,
તે પંથી તો પંથે પડયો આ જીવતો ના કામ દીસે.

૮૩ રામ રતન.

કોયલડી કાં કરે કલોલ કંઠ મારો જુએ આંબાની ડાળ,
બોલ તું એકવાર મીઠડી બોલ, રસના રંગે ડોલે મારો લાલ—કો.
કાયમ બોલે રનીયા ડોલે, ગીરી ને ગગન રે,
મંદ પવનની લહેરો ડોલે, મારા સાહેબાનું ડોલે જોબન;
બોલ તું એક એક વાર મીઠડી બોલ—કોયલડી.
તારે બોલે મારો સાહેબો ડોલે, તો છુટે અજબ રસ ધાર રે;

એ રસ ધારે બીજી રસીક ઘણો આપુ તે આપુ આશીશ હજાર.
બોલ તું એકવાર મીઠડી બોલ—કોયલડી.

૮૪ ગુણસુંદરી.

જાર નર નારને ધીક્કાર છે હજાર વાર—ટેક.
જાણો તેવડો ગમાર, મુરખનો સરદાર;
અપરાધી એ અપાર, સમજો સજ્જન સાર—જાર.
દામને ઉડાવનાર, વખત ગુમાવનાર,
શરીરને સુકાવનાર નરકનો ધરનાર
લાજને ધુટાવનાર. જગતમાં જાણો જાર—જાર
પ્યારમાં જતો હજાર, બહુ થયા ખુવાર;
નથી મળ્યો જરી સાર, વ્યભીચારમાં લગાર;
શીરપર ઘણેરૂં ભાર, બહાશો પ્રભુને લગાર;
નથી નથી તલબાર, અંતરીક્ષ પ્રભુ મારમારશે અપાર.
ગદા મોગરીથી ઠાર,
પછી નરકના દવારમાહી,
જમદુત હડસેલી નાંખે નીરધાર—જાર

૮૫ નવલ કુસુમ.

છોડો સામુ અરેરે (૨) જોશે કોઇ તો કહેશે છીનાળ,
એમાં શાની ડરે છે (૨) હજુ હું છું કુંવારી બાળ;
આળ ચડેલી બાળનો કોઇ ન ઝાલે હાથ,
તે આ બંદો પ્રેમથી પરણી થાશે નાથ;
જેવાં આ બાઇ હરખાં તેવાં આ બાઇ સરખાં,
કહે કેવી જુગતી છે જોડી, દીધી જોડાની નહી પામી ખોડખોડ

૮૬ કામલતા.

કપટી દીલ તારૂ તપાસી જો વાંસી રહ્યો કાં હાં હાં
કુંવારી બાળા ફસાવી ખોટી, લલચાવી તે ભુલી ગયો કાં—કપટી
વાણી મીઠી તારી ઝેરે ભરી, મારી જીંદગીને ધુળધાણી કરી
રાખ ઇશ્વરની બીક મનમાં જરી,
જાય છેક અભીમાનમાં વધ્યો કાં—કપટી.

૮૭ કુલીન કાન્તા.

અરે હું મસ્તાની પ્રેમની, મને કોઇ ન છેડો રે;
લાચાર હું બીચારી છું, શીદ લ્યો છો કેડો રે,
જુવાનીથી દીવાનીથી છું, મારો છોડો છેડો રે—ભેળા અરે.

પ્રાણદાન છે પ્રીતમાં, મુકી કરજે પ્રીત;
પ્રાણદાન તો સેહેલ છે, કઠણ પ્રીતની રીત;
આધાર તું કીરતાર, મારો પાર બેડો રે—અરે હું.

૮૮ ખામ્બેહુસ્તી

વાહજી ગાહજી રંગ રસીયા બનને બંવર.
રસ લુંટકર ચલ દીએ,
શેલ તુટી તુટી હય બહાર,
કયા ખુબ કયા ખુબ,
કયરી બહાર દીખાતે હો પ્યારે
ચમનમે ગુલ ખીલા બંવરસે જુલ ગીલા
કરત પ્રીત નીત્ત મતલબકી;
પ્યારે ન બોલો સુખન ગેહ;
દીલે શયદા હમારા તુમહારા હુવા
બાતે ન અયસી બનાવો તોરે સદયાં;
વાહ વાહ વાહ રંગ ખુબ આજ હય.

૮૯

ધુંએકી ગાડી ઉડાએ લીએ જાએ
પયશેકા લોભી ફરંગી ચારે બાજુ,
જાત નહિ દેખે જમાત નહિ દેખે,
ઓડીમે સબકો બીઠાય લીએ જાય
હીંદુ મુસલમાન બંગી ચમારસે,
ટીકીટકે રૂપઇએ ગીની લીએ જાય
દીલ્હી શહેરસે ચલે જો મુસાફિર,
મુંબઇ કલકત્તા ભગાય લીએ જાય—ધુંએકી.

૯૦

જપતી પ્રીતમની જપમાળ, જુવતી જો અલબેલી;
જોબન રસ રંગે જોની, આ બની ઘેલી,
વ્યાકુળ જીસના વિણ વહાલી વેલી—જપતી.
તન મનમાં વ્યાપી રહ્યો, જોબન વસંત જોગ.
રસ ભોગી રસીયા વિના, રમશો ક્યાં રસ રંગ.
જાણ્યું ન જડીઓ કોઇ રસીઓ રંગીલો;
ચપ ચપ કરતી લેતી જા તું ચમેલી—જપતી.

પેટ દુખે શીર કુટતાં, સંકટ આ ન સમાય;
બગતાને બાળી સળી, કહાડે શું કરખાય.
આહા અકળાગે શાને છેલ છબીલી—બાકુળ.

૭૧ ઉઘુાદેવડી.

નહ જોરે શું રીસાય, રસીલી નજર મીલાવી લે (૨)
ચટપટ ચીનમાં લાગી ચતુરા ચહેરો જોવા દે;
હીરા મોતી માગ્ય મધુરી ઝાંઝર ઝુમણા લે,
મદન અગન તનમાં લાગેલી તરત બુઝાવી દે;
સમતા નથી રહેતી રે સલુણી મરમ વચન મુકી દે.
કલ્પલતામાં છબીલી તુજ છાયે પામર પંખી લે.

૭૨ વીણાવેલી.

ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર હાંરે,
ચાલ્ય ચાલ્ય જોવાને ચંદ્રમાં
જોને પ્રેમ ધેલી ભુમીના દેદાર,
જોને ડોલે સખી આનંદમાં—ઓહો.
ધન્ય ધરા સુંદરી તને, ચતુર ચંદ્ર તુજ કાંત;
શાંતિ પાઠ પઢાવનો, સાધીને એકાંત.
ધરણી પડી પતિને પાય, શીક્ષા શીરે ધરે રે
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય, શાંતી ચીતે સ્મરે રે,
ધરોને બ્હેન ધરતી માતાનું કહ્યું કાન
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન—ધરણી.
ચંદ્ર સુખે ચીતાકને, તારાના મુખ શ્યામ;
સદ્દગુણીના સુખ ભાળીને, રમે દુષ્ટના રામ;
સખી જેને પતિનું માન, તેના ગંધર્વ ગાએ ગાન,
પામે દેવી સમાન સનમાન, રમે રામા રસીક લપતાન,
ધરતી નાર સમ ગ્રહણીઓ, સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્રસમ ધણી મળે, જ્યાં જ્યાં ત્યાં ઉચરાય—ધર.

૭૩ કરણુબેલા.

આંખલડી અણીઆરી રે, જરા નચાવ નખરાંવાલી,
જે નખરે રે તારો વાલમજીને વશ કીધા;
ભમર કમાન જરા ખેંચી ખુબેથી, કોને કટાક્ષ કર આલી રે
જરા નચાવ નખરાં વાલી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,

લટક મટક અને ચટકતી ચાલ આમ, ઝંઝરથી ઝમકાણી રે,
જસ નચાવ નખરાં વાલી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,
સો લટકો મટકો ચટકો આ, આલી સતાવો શું ઠાલી રે,
જુઓ નાચે આ નખરાં વાલી,
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા.

૯૪ ત્રીવિક્રમ.

પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે,
શોભે રજની સુંદર શોભાજ
હેતે રમીએ સંઘાતે સહીયર આપણે રે
માંહે જડીયાં છે નીલમ માણી નંગ—હેતે.
મળી આજે આપણે, ધરી સોળ શણગાર;
કર કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.
હીરા રત્ન જડીત ઉર હાર છે રે,
મોતી ગુચ્છ લટકે છે બાજુબંધ—હેતે,
અંબોડા ફુલે જડયા, સર સેથે હીંગુલ;
કીધા કુમ કુમ ચાંદલા, મુક્તામાળા ધર.
આરસ પારસમણી જડેલો ચોક છે રે,
તેમાં વરતા હઇયે નણદલ વીર—હેતે.
પહેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝમ ઝમ કર ઝણકાર;
ફરીએ સહીયર ફુદડી, આ રજની મોઝાર.
સખી વેલીઓ ફુલી એ વિધ વિધ જાતની રે,
તે તો આપે છે શી સુંદર સુગંધ—હેતે—પુનમ.

૯૫ પવિત્ર લીલાવતી.

બાપ પટારો કેમ ઉઘાડયો જોઇ કુંચી એસારી કેઇ;
સાહેબ બાપા બહાર ગયા છે, શું ગુંજામાં ઘાલ્યું લઇ
બધું ઘરેણું કયાં લઇ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ,
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ
ચબાવલા તું ચળી ગયો છે, પરની તારે શી પંચાત;
બસ બસ તારે નહી બોલવું હમણા પાછળ પડશે લાત.
નીચ જાત ચાકરની તારી, આખર જોડા ઉંચકનાર;
આવ શેઠના હવે અકાત્યા, બંદા તો ચાલ્યા બહાર.

૯૬ મોહનીચંદ.

ધીરી ધીરી સુંદરી જરા ધીરી,
તારા વાંસે લીધી છે ફકીરી—સુંદરી.
નયન મીલાવો પ્યારી હસી બોલાવો
આપીશ આખી અમીરી—ધીરી.
રૂપે રીઝાવું કહે તો સોને મઢાવું,
દુર કર તું દીલગીરી—એજી દુર—ધીરી.
ધીરા ધીરા કુંવર જરા ધીરા,
સગા માડીના જાયા ઓ વીરા—કુંવર—જરા.
જેવી પોતાની તેવી નારી પરાઇ,
પરસ્ત્રી પરભવ પીડા,
રાવણ રોળાણો દુરીયોધન દબાણો
કઇયા કીચકના થઇ ગયા ચુરા—ધીરા.

૯૭ વીણાવેલી.

સુંદર સામળીઆ, નાંમ જપીશ નીત્ય તારૂં
મનહર ના મળીઆ, કાશી કરવત ધારૂં.
શામળા શણગાર અમારા, કાળજું હર્યું કામણગારા
વીનવે કરગરી દીન દારા, દરશન દો દીલદાર તમારા;
કયા હું કહું દુખ મારૂ—સુંદર.
આસપાસ નહિ વાસ જહાણુ, અરર ત્રીભુવન ભાસતુ કાણુ;
નીરખુ નહિ કદી મુખડું રસાળુ, જઇ હીમાલય ગાત્ર હું ગાળુ
હરી દેવુ દયાળુ—સુંદર.

૯૮ પવિત્ર લીલાવતી.

પ્રીતી પાતરની કરનાર, સરવે મુરખના સરદાર;
નીતિ નીપુણ ગણે નાદાન, પીડા પામે અપરંપાર.
જેની સાથે જવ તળ બાળી, માત પીતા પરણાવે,
એને ત્યાગી નિરભાગી નર, આપણી પાસે આવે.—પ્રીતિ.
પત્નિ સુખ પકવાન સરખું, તૃપ્ત થયા નહી તેથી;
ગણીકા ગમન વમન સમ ગણવું, અરે થશે શું એથી—પ્રીતિ.
શું એનાથી કારજ સરસે, એ શું સારૂં કરશે,
શ્વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે—પ્રીતિ.

૯૯ ચંદ્રહાસ.

ચયાછો રે પતી તેજ પ્યારી તનના ઉર હસી વળી આજે

છેલ છબીલા રૂડા રંગીલા રાજપુત્ર પ્રખ્યાત.
જોયા ભાગે, અનુરાગે, ચીત લાગે, કેમ ત્યાગે,
પ્રભુ મેં તનમન તમને અરપ્યું થઇ રાજી—થયા.
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયા દીલમાં જે ચિત ચહાય,
નોતુ નકી, નોતુ વકી, નિશા પકી, વિધિ લખી
પ્રીયા ઉત્તમ તન બની દેવ સુંદરી, પદમણી મળી આજે—થયા.
મહેલ જતાં તે દી તરછોડી હવે ન મુકુ હાથ;
ચાલો આવું, મન ભાવ્યું, કેમ નાવું, પ્રિય કહાવું:
હવે હાજર છું તનમન ધન દેવા, જેમ પ્રેમ છાજે—થયા.

૧૦૦ ઉદયભાણ.

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલા લટકાળા મને (૨) આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સહીયર મળી હાંસી કરે છે
લાજી મરછું બાઇ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા.
નાનુ શું નાથ એક ઝુમણું ને મહી ઝીણાઝીણા હીરલા જડાવો
નવસેરો મોતીનો હાર મારા સાહેબા ઝીણાઝીણા નીલમ મુકાવો
નેગવાઇ જાસ્તી જો હોય મારા વાલમા, કંકણુને માણેક મઢાવો
ગરીબધણીને બાઇ ઝાઝુને શું કહીયે, બસ આટલેથી મનવાળી દઇએ
બાઇ સાબ મોટા એક પાણો માગી લઇએ—સાહેબા સલુણા.

૧૦૧ સોભાગ્ય સુંદરી.

પહેરી ચોળી લટકા મટકા કરતાં આવ્યાં
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં;
ઝાંઝરના ઝણુકારે ટર કંકણુના ખખડાટે
કાજળથી નેત્ર દીપાવ્યાં—પહેરી.
હવે શરમાવો કાંલા, શાને દીયરજી મારા;
બોલો બોલોજી બોલો બોલો
મેં કેવા તમારાં નખરાં તો જણાવ્યાં—પહેરી.

૧૦૨ વીણાવેલી.

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ,
રાખે જેવી રીતે રામા, રંગ તેવી રીતે રહીએ—સદા.
પીપળ પાન ખરંતા, હસ્તી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆ.

નહી જોઈને તેવી નીસ, કોઇની નબતી જોઇએ;
દશાના ઢંગ રતુના રંગ, જેવી દેખી લઇએ—સદા.
કદી મહેલો માળીઆં, કોમળ છપ્પર ખાટ;
કોઈ દીન એવો આવશે, ભુખ્યા ન મળે ભાત—સદા.

૧૦૩

ખટવા ગુંથન દેરે મીજાજવા—ખટવા.
આ મેરે બાલેકા બાલા જોબનવા—ખટવા.
ચીકનેમે ચીકના પીપળકા પતવા, દુસરા ચીકના ઘી
તિસરા ચીકના ગોરીકા જોબના, પારોકા લલચાય જીવ આજ
નદી કીનારે પલંગ બીછાયા, પાયા ફુલ ફુલ જાય,
કીસ પાપીકી નજર લગી, મેરા પડદા ખુલ ખુલ જાય—એ.
નદી કીનારે બગલા બેઠા ચુન ચુન માછલી ખાય,
બડી મછીને ડંખજ મારા, તલપ તલપ જીવ જાય—આજ.

૧૦૪ પવિત્ર લીલાવતી.

સખીઓ નીજ નીજ નીતિ ધરમ સદા સંભાળીએ રે;
પરમ પવિત્ર પટકુળ પહેરી પરીધાન
શાસુ સસરા માત પિતાની સેવા સાચવો રે;
ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન
એવા ઉત્તમ ગુણુથી, ઉભય સકુળ અજવાળીએ રે—ટેક.
નજરે નજર ન મેળીએ, નાથ વિના નર સાથ;
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ.
હસવું રમવું જમવું, એકાંતે નવ બેસવું રે;
પતિ વીણુ પતિના, પણુ સદ મિત્રોની સંગાથ—એવા.
નાથ વિના કરવી નહિ, વિનોદ ક્રીડા વાત;
વિશ્વ વિરૂધ ન વરતવું, ભલે તાત કે ભ્રાત.
સજની ભ્રષ્ટ થવું નહિ, સુંદરી સઘ આચારથી રે
નિરલજ નટ ખટની સોબત તજવી સુજાન—એવા.
કુદી કદરૂપ કુબડો, નિરધન નિરબળ કાય;
મતિ હિણુ પતિત પતિ મળે, એ પતિને સુર રાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટિ આણુ ચોળીએ રે,
સુખકર સાચવીએ સહુ સાથે સંપ સદાય—એવ.
ઉંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ;
લલિત બેન કરવો નહિ, વડીલથી વિવાદ.

ચંચળ ચાલે ચટક મટક ચતુરા ચાલ ચાલીએ રે;
શિવસુત કેશવની શીખામણુ અંતર ગાદ—એવા.

૧૦૫ ઉમાદેવડી.

નથી જગતમાં સાથ સંબંધી વિના ત્રિભુવન નાથ,
શું ફોગટ ફાંફાં મારે મુરખડા ભરે આભથી બાથ.
કમળ પત્રપર જળબિંદુને સુકાતાં શી વાર;
આવણુની જળ ભરી વાદળીઓ, વિખરાતાં શી વાર;
જીવતર સમજવું તેવું, આખર ન લેવું દેવું
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ.
પંથી જીવ પામી ગયો, નરભવ નગર બજાર;
સોદાગર સમજી જઇ, કરો પુન્ય વેપાર.
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુન્ય સંગાથ.

૧૦૬ વિજયા વિજય

ધન ભાગ્ય પધાર્યા ભમરા, છો દિલહર કાળા કંમરા;
મહાપતિ આપ હું કમલા, રસિયા રસિક શણગાર,
તું પ્રેમ બતાવે ખોટો, પાતર ઘર પ્રીતિ તોટો;
નહિ ગુલાબ હજારી ગોટો રે તું છટકેલ છકેલી નાર,
શણગાર મઝા નહિ માની ફોગટ સમજે જીંદગાની
છે ધરમ કરમ ધુળ ધાણી રે—શણગાર—રસીઆ
છે વિષય વિષનો પ્યાલો જમપુર નક્કી જ્યાં ઝાલો;
ભવ એળે મદનથી મહાલ્યો રે છટકેલ છકેલી નાર.
હજુ કુંવર તમે છો કાચા નથી શીખ્યા મદનની શૈયા
નથી નયન મુરલાએ નાચ્યા રે—હજુ.—રસિયા.

૧૦૭ પવિત્ર લક્ષ્મી.

નયન મિલાવી લે ઓ છબીલી, નયન મીલાવી લે;
ચટપટી ચિત્તમાં લાગી ચતુરા, ચુંબન કરવા દે,
મોતન માળા જડીયન સાડી, જે જોઇએ તે લે—રસીલી.
લગની લલના લાગી રહી, તુજ મ્હોરો જોવા દે;
નજુક વેલી કોમળ ખીલેલી, કળી ચુંટવા દે—છબીલી.
મદન અગન તનમાં લાગી, જલદી બુઝાવી દે—છબીલી.
આલીંગન આવી અલબેલી, બેટે પ્રેમની લે—છબીલી.
અધરામૃત રસ પાન કરાવી, મધુર વચનરસ મુખ કહે—રસીલી

૧૦૮ અશારૂમતી.

શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો,
નાચી રહ્યો જગ નચાવી રહ્યો—શું.
કોયલ મધુર મોરલી બની, છેરે નટવર કાન;
વિરહ ઘેલી ગોપી ઘણું, તજી નીકળી અભિમાન.
રસિયા વિનાની બની બાળા હો બાવરી,
વેણુ વસંત ચિત્ત વિંધી ગયો—શું.
શિતળ સુખકર પવનની, લ્હેર ઝુમે ચોપાસ;
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ઘમકે રે,
મહિ મહિ મેનાના નાદ, ઝાંઝર ઝમકે રે,
નવ પાલવ વાઘો ધરી, પચરંગી શીર પાવ;
ફાગ લાગ સાધી રમે, મદનરાજ મહા ભાગ્ય
લ્હેરી લાલાથી રમ લલનાઓ લાડમાં,
પ્રીતિ ગુલાલ લાલ છાઇ ગયો—શું.

૧૦૯ ભરથરી.

ધીક ગુલા ધીક મુજને, ધીક કામ વિકારજી;
જેણે ભુલાવી મને સતથી, કર્યો નીચ વિચારજી,
ભેખ રે ઉતારો રાજા ભરથરી.
ક્ષમા રે કરો રાજા રંક છું, નારી અજ્ઞાન જાનજી;
અન્ય વખત આવું નહિ કરૂં, લાજ્યા માતને તાતજી,
ભેખરે ઉતારો રાજા ભરથરી.

૧૧૦ ભરથરી.

કપટ રૂપી રાણી પીંગલા, આ શું બોલો વચનજી;
રાજ રે તજ્યું તુજ કારણે, જને વિચારીને મનજી,
ભિક્ષા દેને મઇયા પીંગળા.
તું રે ખોટી ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી;
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉધારજી;
ભિક્ષા દેને મઇયા પીંગલા.

૧૧૧ ભરથરી.

સુણ સ્ત્રી છત ભરથરી ભુપ, ઉજેની તારીમાં ન રહું રે
રાખ ચતુરાઇ રહે ચુપ—ઉજેની.
હવે માળવાનું અન્ન ન ખાઉં—ઉજેની.

વેગે અરણ્યમાં હું તો ચાલ્યો જાઉં—ઉજ્જેની.
ધિક ધિક લપટાણો મતિ મંદ—ઉજ્જેની.
કપટ ફૂટ સમજ્યો ન નારી ફંદ—ઉજ્જેની.
ફસ્યો પીંગળાના પાપી પંજા માંય—ઉજ્જેની.
વાગે ત્યારે સંભાળજે તેનો ઘાવ,
ચાલ્યો જાઉં સાચો ક્ષત્રી ધરી હામ—ઉજ્જેની.
તારી ઉજ્જેણીમાં ટકવું હરામ—ઉજ્જેની.

૧૧૨ વીણાવેલી.

પાતળીઆ પરીશ્રમ લ્યો શાને પોઢોને મારા સમ મારા સમ છે
ચાલોને ચપળા આવું હું આટલે નાથજી મારા સમ મારા સમ છે
ચિંતાને ટાળી, પુંઠ ન બાળવી, લુંઠીને ભાવળી
આ પ્રાણપતિ મારી વતિ—પાતળીઆ.
રસીલી તું તો રોજ હસતીને હસ્તી, સતિપાસે જરા પતિનેહોયરેતસ્દી
અલબેલી રાખે રમણ સુખી, જ્હારે તેને ધન્ય તેને ધન્ય છે
પતિની ઉદાસી ટાળી રહે દાબી
આ શાણી સતિ ભાગ્ય વતિ—પાતળીઆ.
ચાલચાલ તોયે થોડેકસુધી આવું જાઓ ત્યારે મારેજ નથી જાવું
તારા જેવી સતી સુંદરી પામે વાહરે તેને ધન્ય ધન્ય છે.
મોહનની માળા જપે બેઠી, બાળા છબિલા છોગાળા;

૧૧૩ ઉદયભાણુ.

બાળા ભોળારે કુમારકા પરણીને પસ્તાયા રે
પેહેલાં ફુલી થયાં ફાળકા, લહડામાં હરખાયા રે
ચાર દિન જહુ લાડકા, મનડામાં મલકાયા રે
મેં તો જાણ્યું કે બાઇ ફુસડે પુજાઇશું;
ખાજાં જલેબી નીત નીત ખાઇશું.
મેં આગથી મનમાં ધાર્યું માનમહિ મરડાઇશું;
નણદીના વીરાને ઘડી ટીંગળાવી ભાગોળે ભુ પાઇશું રે
મોહન મળીયા, વાતમાં વઢીયા—
નળીયા ખખડીયાં, વાણી ઉચરીયાં (લે રાંડ દીવો)
મેં કહ્યું ઉહું (૨) ચડસમાં ચડીઆ, ખુબ કકળીઆ,
ઉહુંનું ઓસડ ધોકા પડીયા—પરણી.
પરણ્યો પીટયો પરઘેર ભટકે ઘરમાં ન ખાવા પીવા રે
વરણાગીમાં વાંકો હીંડે, પતિ ફુળ એવા દીવા રે

તોયે ઓ બાઇ રે પોકે ભીખાઇઓ—પરણી.

૧૧૪ બહારે ગુલશાન.

કસુંબી કસુંબી કસુંબી કસુંબી રંગ હો ગએ,
એક તો મેં નેનાં કસુંબી કસુંબી રંગ હો ગએ;
કાં કાં જાગે સારી રાત, નેનાં કસુંબી રંગ હો ગએ;
એક તો મેં રાજા (૨) મેં રાજાકી બેટી (૨)
મેરા સઇયા હે નાદાન, નેના કસુંબી રંગ હો ગએ;
એક તો મેં પાનો મેં પાનો, મેં પાનોસે પતલી;
સજે હે સોલે શીણુગાર, નેનાં કસુંબી રંગ હો ગએ,
એક તો અંધેરી અંધેરીસી રતીઆ (૨)
બની છાયા ધમઘોર નેના કસુંબી રંગ હો ગએ.
એક તો બાલિ મેં બાલિસે ભોળી;
મેરા સઇયા હે નાદાન કસુંબી રંગ હો ગએ.

૧૧૫ સોભાગ્ય સુંદરી.

મારા મનમાં તનમાં ભર્યો છે ડર્યો છું ભય જાઉ ગજ જોતી
વ મેં ભાગતાં ભાગતાં (૨) નાકુ વેસરનું મોતી,
હાલવું ચાલવુ જીવ મારો ગભરાય;
કેદી ફરી મારૂં મળશે મોતી ગોરી હું કાઢીશ ગોતી—મારા.

૧૧૬ વિબુધ વિજય.

પ્રેમનો કોલ દીધો રાજકુમાર મારા થઇ ચુક્યા પ્રાણ આધાર
મારા રસીયા રાજકુમાર—પ્રેમનો.
દીધો કોલ આ પ્રીતથી, ગણો સદાનો દાસ:
રસીયા રસ બસ કરી, આવો પ્રેમનો પાસ—પ્રેમનો.
મધુર મુખ જોયા વિના, ક્ષણ હવે રહ્યું નવ જાય;
ધર્મ વિધિથી હસ્ત મેળવ્યા, વિના ચુંબન નવ થાય.
પ્રેમનો કોલ દીધો રાજકુમાર.

૧૧૭ વિક્રમચરિત્ર.

કોઇ દુધ લ્યો દિલ રંગી
શોખીલા સાણા ઉમંગી હો,
કેરી પીએ કસુંબલો, ગાંજો પીયે અવધુત;
દારૂ દીવાના પીએ, હાના પીએ દુધ—કોઇ.
એક અમીરસ દેવનો, બીજો રસ છે પ્રેમ;
ત્રીજો રસ ગોરસ ભલો, પીએ હાથા હેમ.—કોઇ.

ગોરી ગવરી ગાયના, ગોરા અમારાં દુધ;
હું પણ ગોરી ગોરડી, ગોરૂ દીસ શુદ્ધ—કાં કોઇ.
હેમ કટોરો હાથમાં, માંહી અમૃત સાર;
ચતુર હોય તે ચાતવે, ગુણ સમજે ન ગમાર.
કોઇ દુધ લ્યો દિલ રંગી.

૧૧૮ મુળરાજ.

ગુલાબી મધુ પાજો મારા લાલ, મારા રંગભીના મહારાજ,
મારા રસીક છબીલા રાજ—ગુલાબી.
કામની કેરો કંચડો રે, જોગનીયાનું જોર
રસીયાનો રસ પ્રાણ છે રે મીઠો મધુનો તોર—ગુલાબી.
એક બુંદ બંધન હરે રે, પ્યાલો હરે સહુ પાપ
સીધો સરગનો સાથીડો રે, આપે આનંદ અમાપ—ગુલાબી.

૧૧૯ રાણકદેવી.

આવી રે રંભા જાણી જવા કેમ દઇએ—ટેક.
અંગે અંગે મનોહર સુંદર સોરઠનો શણગાર;
વીજળી એક વરજો બીજે ખોટ ખાય ખેંગાર—આવી.
નીપજ્યું રતન આમ નીમાડે, નહોતી ખબર લગાર
નહીતર દેશળ દીન કેમ કાઢત મામા રાખેંગાર રે—આવી.
વીશળ મામાનો મોટો વેરી, સોલંકી સિધરાજ;
આવી આંગણે લઇ જાય તો, જાય આપણી લાજ રે—આવી.
અનેક જુગતિ જઇ વાપરવી, પ્રીતે મામા પાસ;
પરણો મામા મળી પદમણી, નહીતર અજે ઉદાસ—આવી.
સિધરાજનું સગપણ ખંડન, કરવું મારે કામ;
હઠ મામાને પરણાવી તવ દેશળ મારૂં નામ—આવી.

૧૨૦

બંસી વાલા આજો મારે દેશ,
થારી સાવરી સુરત પ્યારા બેસ—બંસી.
આવન આવન કર ગયોજી, કર ગયો કોલ અનેક;
ગીણતા ગીણતા ઘસ ગઇ મારી,
આંગળીઆરી રેખ મહાજી આંગળીઆરી રેખ;
સાવરીયા રસીલા સલુણા, પીયાબે જીયાપેકરૂંજેની

રરાથી. સાવરીયા.

૧૨૧

નારીના કટાક્ષ આગળ પુરૂષ છે ગુલામ;
ભાવના કરીને હરીએ પુરૂષ હામ.
આ ભરગુટીનો વિલાસ છે શતી મંદ હાસ્ય;
મધુર વચન મંદ ગતી, પુરૂષ પાસ.
રણને વિશે બાણ કોટી, નર નીવારે શુર;
આ કટાક્ષ બાણ ધારી, પડે યોધ પુર.

૧૨૨ ઉમાદેવડી.

હરમાન ઘરમાંહી હડીઓ કરે ત્યાંતો કેવી રીતે એરા બાફ બને
ચંટીના ગાળાને બંટીના ફાકા ત્યાં ખીચને ખાંડનું કહેતું મને
મારે તો માદી નહીં બસ બાફ, ખાફ તો બાફજ બાફજ ખાઉં
જા જા પીટયા હું તો ક્યાં લવા જનકું—હરમાન.
માડી મને બાફ, હુંડુ મને બાઉ,
કાળા મોંના ક્યમ કાળગુ ખાઉં—હરમાન.
માડી મને બાફ, હુંહું મને બાફ, જાને તું લાવ બસ બાફ (૨)

૧૨૩ દ્રૌપદી.

સખી સ્વપ્ન મહીં મનમોહન મેં નીરખ્યા એકાન્ત વિશે શયને,
શરમાઇ રહી રતી નાથ મહે મુખથી નહીં કાંઇ બોલાય અરે;
નિચું જોઈ રહી દ્રગ પ્રેમ ભરી પ્રભુની પ્રીતી નીજ પાય અરે
કર ઝાલી રસીક રૂદે વળગ્યા કરતાં બળીરીન થયા અકળા;
તુટી હાર ગયો એ રકા જ્યકમાં કસી કંચુકની છુટી જાય અરે,
છુટી કેશ ગયા વિખરાઇ અરે ગઈ દેહ કળી કરમાઇ અરે
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઇ અરે પણ નાંથ થયા નગણાજ અરે,
મનથી મન સેજ ગયું પીગળી જેમ સાકર દુધની સંગ ભળી;
કીધ ભોજન નાથની સાથ મળી મુખવાસ સુવાસ અપાય અરે.
મુખ તાંબુલની પીચકારી ઉડી રે અચાનક નાથને અંગ પડી.
સખી તે રજની અને તેજ ઘડી રસિયો રીસ લાવી રીસાય અરે,
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી રણ જાય પિયુ અરે હુંથી લડી;
સખીઓ વિનવું તમ પાય પડી કરો જે રીત નાથ મનાય અરે,

[illegible] લીલા ૦—૪

[illegible] નાં [illegible] રીઓ ૦—[illegible]

[illegible] ૦—[illegible]

[illegible] —[illegible]

[illegible] માતનો ખુ[illegible] ૦—૮

બાદશાહ [illegible] બીરબલ

ભાગ બાર ૦—૮

મીઠી મધુરી વાતો ૦—૮—[illegible]

સ્વર્ગની સુંદરી ૦—૮—૦

દેવતાઈ જાદુગર ૦—૮—૦

ગમ્મત ઘંટ ૦—૪—૦

[illegible]નીવારણ.

[illegible]ની રીતો, બાળકને રાખવાની મા[illegible] [illegible] થાય છે શું દવા કરવાથી મટે છે [illegible]ધાને ત્યાંથી મળે તેની દવાના ઉપ[illegible] [illegible]રવામાં આવ્યું છે.

[illegible] જેવાં કે હીંદુસ્તા[illegible] [illegible]સ્તાન તેમજ [illegible] [illegible]રે દક્ષક [illegible] [illegible]ર મકાનોના [illegible] જેવા જોઈએ તેવા પોસ્ટકાર્ડો અમારે ત્યાં [illegible] [illegible] છે જરીના કપડાં પેહેરાવેલા ટ્રેસીંગકાર્ડ બેર મોકલવા [illegible] મોટા ખરચે તૈયાર કરાવેલ છે, દીવી દરબારને લગતા [illegible] મોટા જથો રાખવામાં આવ્યો છે.

વળી બીજું શું વેચે છે.

દીવાળીને લગતા પ્રસંગની પત્રુસણના જોઈએ તેવી તેમજ લગ્ન પ્રસંગની કંકોત્રીઓ, મુબારક નોટપેપર તેમજ કાર્ડપર છાપેલી તેમજ સ્ટેશનરી કવર, કાર્ડ નોટપેપર તમામ જાતના ઈંગ્લીશ ગુજરાતી નાની મોટી છબીએ કીફાયત ભાવથી વેચે છે.

વેચનાર જેશીંગભાઈ મોતીલાલ શાહ.

ઠે. [illegible]—અમદાવાદ.